**–:: નમુનો–અ ::–**

सत्यमेव जयते

## મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

## ચુકાદાની તા.૦૭ /૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નં.૧૦૨૦/૨૦૨૫ આંક–૨૭

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ.કલમ–૧૧૫(૧),૧૧૮(૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–એ ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૩૨૫૦૫૫૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) સવદાસભાઈ પરબતભાઈ ગોરાણીયા,<br>ઉ.વ. ૫૬, ધંધો–ખેતીકામ,<br>(૨) રાજુભાઈ સવદાસભાઈ ગોરાણીયા,<br>ઉ.વ. ૩૭, ધંધો– ખેતીકામ<br>રહે. બન્ને–ગોરાણા ગામ, ખારાવાડી સીમ,<br>તા.કલ્યાણપુર જી.દેવભૂમિ દ્વારકા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી આર. એલ. વાઘેલા. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૮/૦૫/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૯/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થવાની તારીખ | ૦૪/૧૧/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સવદાસભાઈ પરબતભાઈ ગોરાણીયા | -- | -- | બી.એન.એસ. કલમ- ૧૧૫(૧), ૧૧૮(૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ- ૧૩૫(૧) મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | રાજુભાઈ સવદાસભાઈ ગોરાણીયા | -- | -- | | નિર્દોષ | -- | -- |

**-:: નમુનો - ક ::-**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક-૦૭ | પંચ સાહેદ પોપટભાઈ ભીખાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૨) | આંક-૦૯ | પંચ સાહેદ બાબુભાઈ જેસાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૩) | આંક-૧૦ | પંચ સાહેદ લાખાભાઈ પરબતભાઈ ગોરાણીયાની જુબાની |
| (૪) | આંક-૧૨ | પંચ સાહેદ સંજયભાઈ ભનાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૫) | આંક-૧૩ | સાહેદ દેવાભાઈ મીણંદભાઈ કારાવદરાની જુબાની |
| (૬) | આંક-૧૪ | સાહેદ ભરતભાઈ દેવાભાઈ કારાવદરાની જુબાની |
| (૭) | આંક-૧૫ | સાહેદ લગધીરભાઈ મેણંદભાઈ ઓડેદરાની જુબાની |
| (૮) | આંક-૧૬ | સાહેદ મેણંદભાઈ ઉર્ફે રામભાઈ સીદીભાઈ ઓડેદરાની જુબાની |

| | | |
|---|---|---|
| (૯) | આંક–૧૭ | ફરિયાદી નાગાજણભાઈ ઉર્ફે નગો બાબુભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૧૦) | આંક–૧૯ | સાહેદ ભુરાભાઈ નેભાભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૧૧) | આંક–૨૦ | સાહેદ મુંજાભાઈ કાનાભાઈ ઓડેદરાની જુબાની |
| (૧૨) | આંક–૨૪ | ત. ક. અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાની જુબાની |

**<u>અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | આંક–૦૮ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું |
| (૨) | આંક–૧૧ | આરોપીઓને અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| (૩) | આંક–૧૮ | ફરીયાદ |
| (૪) | આંક–૨૫ | ઈન્જરી સર્ટીફિકેટ |
| (૫) | આંક–૨૬ | મે. ડી. એમ. સાહેબનું હથીયાર બંધીનું જાહેરનામું |

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) **<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:</u>** ગઈ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે ગોરાણા ગામે આરોપીની વાડીના રહેણાંકના મકાને ફરિયાદી–નાગાજણભાઈ ઉર્ફે નાગો બાબુભાઈ મોઢવાડીયાના પત્ની ગીતાબેન છેલ્લા પાંચેક દિવસથી તેના માવતરના ઘરે રીસામણે આવેલ હતા અને ફરિયાદી તેમની પત્ની ગીતાબેનને તેના માવતરના ઘરેથી તેડવા આવેલ હતા અને ફરિયાદીએ તેની પત્ની ગીતાબેનને સાથે આવવાનું કહેતા આરોપીઓએ ફરિયાદીને કહેલ કે ગીતાને તારી સાથે આવવું નથી તેમ કહી ઉશ્કેરાઈને આરોપી નં.(૧) નાએ ફરિયાદીને કુહાડી વડે માથામાં ઘા મારી ફુટ ઈજા ટાંકાની ઈજા કરી તથા આરોપી નં.(૨) નાએ ફરિયાદીને ડાબા પગમાં ગોઠણ પાસે લાકડી વડે માર મારી મુંઢ ઈજા કરેલ હોવાની ફરીયાદીએ ફરીયાદ કરતાં તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૫૦૦ ૩૨૫૦૫૫૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ

વિરુધ્ધ પૂરતો પુરાવો હોઈ, બી. એન. એસ. કલમ-૧૧૫ (૧), ૧૧૮(૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબ ના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના-મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીઓની અનુક્રમે આંક-૦૫ તથા આંક-૦૬ થી પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના (ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**-:: મુદ્દાઓ ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે ગોરાણા ગામે આરોપીની વાડીના રહેણાંકના મકાને ફરિયાદી-નાગાજણભાઈ ઉર્ફે નાગો બાબુભાઈ મોઢવાડીયાના પત્ની ગીતાબેન છેલ્લા પાંચેક દિવસથી તેના માવતરના ઘરે રીસામણે

આવેલ હતા અને ફરિયાદી તેમની પત્ની ગીતાબેનને તેના માવતરના ઘરેથી તેડવા આવેલ હતા અને ફરિયાદીએ તેની પત્ની ગીતાબેનને સાથે આવવાનું કહેતા આરોપીઓએ ફરિયાદીને કહેલ કે ગીતાને તારી સાથે આવવું નથી તેમ કહી ઉશ્કેરાઈને આરોપી નં.(૧) નાએ ફરિયાદીને કુહાડી વડે માથામાં ઘા મારી ફુટ ઈજા ટાંકાની ઈજા કરી તથા આરોપી નં.(૨) નાએ ફરિયાદીને ડાબા પગમાં ગોઠણ પાસે લાકડી વડે માર મારી મુંઢ ઈજા કરી એકબીજાને ગુન્હામાં મદદગારી કરી ડી. એમ. સાહેબના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી બી.એન.એસ. કલમ–૧૧૫(૧), ૧૧૮(૧), ૫૪, તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્ર્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરઆરોપીઓને અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું વાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા

કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે બનાવવાળી સ્થાનિક જગ્યાનું આંક–૦૮ વાળુ પંચનામું, આરોપીઓને અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું આંક–૧૧ વાળુ પંચનામું સાબિત કરવા તપાસેલ પંચોએ માત્ર તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચ નામાની વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૩ થી દેવાભાઈ મીણંદભાઈ કારાવદરા, આંક–૧૪ થી ભરતભાઈ દેવાભાઈ કારાવદરા, આંક–૧૫ થી લગધીરભાઈ મેણંદભાઈ ઓડેદરા, આંક–૧૬ થી મેણંદભાઈ ઉર્ફે રામભાઈ સીદીભાઈ ઓડેદરા, આંક–૧૭ થી ફરીયાદી નાગાજણભાઈ ઉર્ફે નગો બાબુભાઈ મોઢવાડીયા, આંક–૧૯ થી ભુરાભાઈ નેભાભાઈ મોઢવાડીયા, આંક–૨૦ થી સાહેદ મુંજાભાઈ કાનાભાઈ ઓડેદરાનાઓને તપાસેલ છે. આ તમામ સાહેદોએ ફરીયાદી સાથે બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ આ બનાવમાં ફરીયાદીને આરોપીઓએ માર મારેલ હોય કે ગાળો કાઢેલ હોય તે અંગે કોઈ જ પુરાવો આપેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૨૪ થી ત. ક. અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ હાલના ગુન્હાની તપાસ દરમ્યાન સ્થાનિક જગ્યાનું પંચનામું કરી લાગતા વળગતા સાહેદોનું નિવેદન લઈ આરોપીને નોટીસ આપતાં આરોપી હાજર થતા તેમની પાસેથી બનાવ વખતે ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ લોખંડનો પાઈપ તથા લાકડી પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું તથા ફરીયાદીનું ઈન્જરી સર્ટીફીકેટ તપાસના

કામે સામેલ રાખેલ જે ઈન્જરી સર્ટીફીકેટ આંક–૨૫ થી તથા જાહેરનામુ અમલમાં હોઈ, જેની ઝેરોક્ષ નકલ આંક–૨૬ થી રજુ કરેલ છે. ત્યાર બાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર હોય, ત્યાં અન્ય ખેડુતોના રહેણાંક મકાનો તથા ખેતીની જમીનો આવેલ છે. ત્યાં મળી આવતા સાહેદોના નિવેદનો હાલના કામે લીધેલ નથી. હાલના કામેની ફરીયાદ મારા રૂબરૂ લખાવેલ છે તેમજ તપાસ કરનાર અમલદાર હું પોતે જ છુ. હાલના કામે કુહાડીને મુદામાલ તરીકે કબજે કરેલ નથી. કબજે કરેલ મુદ્દામાલ બજારમાં થી સહેલાઈથી મળી શકે છે.

(૧૨) ફોજદારી કાયદામાં, પંચની જુબાની કયારેક પ્રતિકુળ થઈ શકે છે અથવા ફરીયાદીના કેસને સમર્થન આપવામાં નિષ્ફળ થઈ શકે છે. જો કે, જો ફરીયાદી સહિત અન્ય વિશ્વસનીય સાક્ષીઓ, ફરીયાદપક્ષને સમર્થન આપતા સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય જુબાની પ્રદાન કરે, તો પણ પંચો ના સમર્થન વગર પણ કેસ સાબિત થઈ શકે છે. વડી અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠેરાવ્યુ છે કે, પંચ સાક્ષીઓ પ્રતિકુળ થઈ જવાથી ફરીયાદપક્ષનો કેસ આપમેળે નબળો પડી જતો નથી, **<u>પરંતુ શરત એ છે કે, અન્ય વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ હોવા જોઈએ.</u>** નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓમાં ઉપરોકત સિધ્ધાંતને ઠેરવેલ છે જેમાં, **Babu Lal Chauhan v. State of Gujarat (2006)** ના કેસમાં **નામ. ગુજરાત હાઈકોર્ટે** ઠેરવેલુ છે કે, “the evidentiary value of independent witnesses and the complainant can uphold the prosecution’s case even if the panch witness does not support it. **<u>The prosecution must prove its case beyond reasonable doubt</u>**, but this standard can be met with credible

evidence from sources other than panch witnesses.”

(૧૩) આમ, ઉપરોકત ચુકાદાઓમાં જણાવ્યુ એમ, પંચ સાહેદોનુ સમર્થન ઈચ્છનીય છે, પરંતુ જો રેકર્ડ પરના અન્ય પુરાવાઓ વિશ્વાસપાત્ર હોય તો તે પંચોના સમર્થન વગર પણ ફરીયાદીનો કેસ સાબિત થઈ શકે, જેથી તેનું સમર્થન દરેક વખતે જરૂરી પણ નથી. એવા સંજોગોમાં આરોપીને દોષમુકત કરી શકાય નહિ. પરંતુ કોર્ટે ફરીયાદપક્ષના કેસની વિશ્વસનીયતા અને પર્યાપ્તતા નકકી કરવા માટે તેના સંપુર્ણ પુરાવાને ચકાસવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વડી અદાલતોએ વારંવાર ઠેરાવેલ છે કે, ફરીયાદપક્ષનો બોજ દરેક સાક્ષી પર આધાર રાખીને, પરંતુ પુરાવાના સાકલ્યવાદી અને સુસંગત સમુહને રજુ કરીને, વાજબી શંકાથી આગળના કેસને સાબિત કરવાનો છે. જો ફરીયાદીની જેમ અન્ય સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સુસંગત અને મોટા વિરોધાભાસોથી મુકત હોય, તો તે ઘણીવાર કેસ સાબિત કરવા માટે પુરતી માની શકાય છે. આમ, જયારે અન્ય નોંધપાત્ર પુરાવાઓ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા હોય ત્યારે ફકત પંચો સમર્થન આપતા ન હોવાથી, ફરીયાદીનો સમગ્ર કેસ આપમેળે ખરાબ થઈ જતો નથી. પરંતુ હાલના કેસમાં ફરીયાદીના કેસને અન્ય તટસ્થ સાહેદોના પુરાવાનું સમર્થન મળ્યુ નથી જેથી હાલના કામે પંચોનું હોસ્ટાઈલ થવુ એ પણ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક જ છે.

(૧૪) આ કામે ઈજાની સારવાર અંગેનું પ્રમાણપત્ર આંક–૨૫ થી રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર કામે ફરીયાદીને કોણે ઈજા કરેલી તે અંગે કોઈ પુરાવો આપેલ નથી આ કામે ફરિયાદ હકીકત વંચાણે લેતા બનાવ સમયે આ કામના ફરિયાદીને ઈજાઓ થયેલ હોવાનું ફલિત થાય છે પરંતુ ફરીયાદી તથા સાહેદોના મૌખીક પુરાવાથી કોઈ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળતુ નથી અને ફરિયાદી તથા સાહેદોના પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલચાલી થયેલી. પરંતુ આ કામના

આરોપીઓએ જ ફરીયાદીને માર મારેલ હોય, તથા ઈજા કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, આરોપીઓ ધ્વારા ફરીયાદીને માર મારવામાં આવેલ હોવા બાબતે કોઈ હકીકત જણાવેલ ન હોવાથી આ કામના આરોપીઓને તેઓની સામેના બી.એન.એસ. કલમ–૧૧૫(૧), ૧૧૮(૧), ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી, જેથી મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આથી, સદર ચુકાદાના મથાળે લખ્યા આરોપીની વિગતમાં લખેલ આરોપીઓને તેમની સામેના શિક્ષાને પાત્ર ગુનાના ત્હોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ– ૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

(૩) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર પુરા) ના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ–૦૭ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ-01554**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.**